For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### વિદ્યાર્થીઓના હક માટે અવાજ ઉઠાવવા ગયેલા વિદ્યાર્થી સંગઠનના અવાજને દબાવવા પ્રયાસ

# કોમર્સ ડીન દ્વારા વિદ્યાર્થી નેતા સામે પોલીસ ફરિયાદ

**જીકાસ** લાદી દીધા બાદ કોમર્સમાં પ્રવેશ માટે એન્ટ્રન્સ ટેસ્ટના નવા નિર્ણયથી વિવાદ

(પ્રતિનિધિ) વડોદરા,તા.29

એમએસ યુનિવર્સિટીના કોમર્સ ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓના પ્રશ્નોને લઈને થયેલા ઘર્ષણને કાયદાકીય વળાંક મળતા વિદ્યાર્થીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. ફેકલ્ટીના ડીન દ્વારા વિદ્યાર્થી નેતા સુઝાન લાડમેન સામે સયાજીગંજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે, જેને લાડમેનએ લોકશાહી અવાજ દબાવવાનો પ્રયાસ ગણાવ્યો છે.

વિશ્વ વિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં અગાઉ જીકાસ લાગુ કરાતા પણ વિવાદ સર્જાયો હતો. તે સમયે વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વિવિધ સંગઠનો દ્વારા કાળો દિવસ મનાવવામાં આવ્યો હતો અને ખાનગી યુનિવર્સિટીઓને ફાયદો કરાવવાનો આક્ષેપ થયો હતો. છતાં, આ નિર્ણય અમલમાં મૂકાતા અનેક વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહ્યા હતા.

હવે કોમર્સ ફેકલ્ટીમાં પ્રવેશ માટે એન્ટ્રન્સ ટેસ્ટ ફરજિયાત કરવાનો નિર્ણય લેવામાં આવતા ફરી વિવાદ ઉગ્ર બન્યો છે. આ મુદ્દે રજૂઆત કરવા એનએસયુઆઈના કાર્યકરો ફેકલ્ટી ખાતે પહોંચ્યા હતા, જ્યાં સુઝાન લાડમેન અને ડીન વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

ઘટના બાદ ડીન દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવતા એનએસયુઆઈએ તેનો કડક વિરોધ કર્યો છે. સંગઠને આ પગલાને વિદ્યાર્થીઓની અવાજ દબાવવાનો પ્રયાસ ગણાવ્યો છે. આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન અને વિરોધ પ્રદર્શન થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.



### ચોક્કસ પરિબળો યુનિવર્સિટીનું શાસન ચલાવતા હોવાની ચર્ચા

યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠકના નિર્ણયો અને મિનિટ જાહેર ન થવાથી ફેકલ્ટી ડીનોમાં અસંતોષ વધી રહ્યો છે. અગાઉના વીસી પ્રો. ડો. વિજયકુમાર શ્રીવાસ્તવની જેમ હાલના વીસી પ્રો. ભાલચંદ્ર ભણગે પણ યુનિવર્સિટીના નિર્ણયો ગુપ્ત રાખવા માગે છે કે કેમ, તે અંગે અટકળો ચાલી રહી છે. છેલ્લે 30 જાન્યુઆરી 2024ની બેઠકની મિનિટ વેબસાઇટ પર મૂકાઈ હતી, પરંતુ હવે તે પણ ઉપલબ્ધ નથી. નોંધનીય છે કે પહેલાં સિન્ડિકેટની બેઠકની મિનિટ દરેક ફેકલ્ટીને મોકલાતી હતી, પરંતુ હવે આ પ્રથા બંધ કરી દેવામાં આવી છે, જે પારદર્શિતાના અભાવ તરફ સંકેત કરે છે.

### NSUI કોમર્સ ફેકલ્ટીમાં એન્ટ્રન્સ એક્ઝામ નહીં થવા દે

કોમર્સ ફેકલ્ટીમાં અગાઉ ઘણા ડીન આવ્યા છે, પરંતુ વિદ્યાર્થીઓની રજૂઆત સાંભળીને ક્યારેય વિદ્યાર્થી નેતા સામે એફઆઈઆર કરવામાં આવી નથી. હાલના ડીન પ્રો. પ્રજ્ઞેશ શાહે મારી સામે હુમલો અને અભદ્ર ભાષાના આક્ષેપ સાથે પોલીસ ફરિયાદ નોંધાવી છે, જે વિદ્યાર્થીઓના અવાજને દબાવવાનો પ્રયાસ છે. મેં પણ તેમની વિરુદ્ધ ફરિયાદ કરી છે. તમે કેટલો પણ પ્રયાસ કરો, પરંતુ એનએસયુઆઈ સંગઠન કોમર્સ ફેકલ્ટીમાં એન્ટ્રન્સ એક્ઝામ થવા નહીં દે – **સુઝાન લાડમેન,** વિદ્યાર્થી નેતા, એનએસયુઆઈ.

### કારેલીબાગમાં પાલિકાની 'અધૂરી કામગીરી' બની આફત

# આર્ય કન્યા વિદ્યાલય પાસે પાણીનું લીકેજ તો બંધ થયું, પણ યોગ્ય પુરાણ ન કરાયું

**રોડ** પરના ખાડા અને આડશ અકસ્માતને આપી રહ્યા છે ખુલ્લું આમંત્રણ!



(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં વડોદરા મહાનગરપાલિકાની કામચોરી અને કોન્ટ્રાક્ટરોની બેદરકારીનો વધુ એક નમૂનો સામે આવ્યો છે. આર્ય કન્યા વિદ્યાલય જેવા ધમધમતા વિસ્તારના મુખ્ય માર્ગ પર પાણીની પાઈપ લાઈનમાં લીકેજ થતા પાલિકા દ્વારા સમારકામ તો કરવામાં આવ્યું, પરંતુ કામ પૂર્ણ થયા બાદ ખાડાનું યોગ્ય પુરાણ ન કરાતા સ્થાનિકો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મુખ્ય માર્ગ પર લીકેજ રિપેર કર્યા બાદ રોડનું યોગ્ય લેવલિંગ કે ડામર કામ કરવામાં આવ્યું નથી. તંત્ર દ્વારા માત્ર આડશ મૂકીને કામગીરી અધૂરી છોડી દેવામાં આવી છે. આ આડશોને કારણે રોડ અત્યંત સાંકડો થઈ ગયો છે, જેના પરિણામે પીક અવર્સ દરમિયાન અહીં સતત ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે.

આ માર્ગ આર્ય કન્યા વિદ્યાલય પાસે હોવાથી અહીં વિદ્યાર્થીઓની અવરજવર પણ વધુ રહે છે. રોડ સાંકડો હોવાથી અને અધૂરા પુરાણને કારણે વાહનચાલકો પટકાવાનો તેમજ અકસ્માત થવાનો પૂરો ભય સેવાઈ રહ્યો છે. સ્થાનિક રહીશોનો આક્ષેપ છે કે, કોન્ટ્રાક્ટર દ્વારા જેમ-તેમ કામ છોડી દેવાયું છે, જે વહીવટી તંત્રની નિષ્કાળજી સૂચવે છે. સ્થાનિક લોકો અને વાહનચાલકોની એક જ માંગ છે કે વડોદરા મહાનગરપાલિકા જાગે અને કોઈ મોટી જાનહાનિ થાય તે પહેલાં આ ખાડાનું યોગ્ય પુરાણ કરી રોડને પૂર્વવત કરવામાં આવે. જો આગામી દિવસોમાં આ સમસ્યાનો નિકાલ નહીં આવે, તો સ્થાનિકો દ્વારા ઉગ્ર રજૂઆત કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

### 46 પરીક્ષા કેન્દ્રો પર 18086 વિદ્યાર્થીએ ગુજકેટની પરિક્ષા આપી : 608 ગેરહાજર

# ફિઝિક્સના પેપરમાં મોડરેટ ટુ ડીફીકલ અને ન્યુમેરિકલ્સના પ્રશ્નો વધુ પૂછાયા

**એનસીઈઆરટીમાંથી** સીધા અને કોન્સેપ્ટ બેઝ પ્રશ્નો પૂછાતા વિદ્યાર્થીઓને પેપર લખવામાં મઝા પડી

(પ્રતિનિધિ) વડોદરા,તા.29

વડોદરા શહેર અને જિલ્લાના ધોરણ 12 સાયન્સના 18086 વિદ્યાર્થીઓએ માટેની રવિવારે 46 પરીક્ષા કેન્દ્રો પર ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ ગુજકેટની પરીક્ષા યોજાઈ હતી. 18694 પરિક્ષાર્થીઓમાંથી 18086 વિદ્યાર્થીઓએ ગુજકેટની પરિક્ષા આપી હતી. જ્યારે, 608 વિદ્યાર્થીઓ કોઈ કારણસર ગેર હાજર રહ્યા હતા.

ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં ગુજકેટની પરીક્ષામાં પેપર મોડરેટ લેવલનું રહ્યું હતું. એજ્યુકેશન એક્સપર્ટ રવિ વઢવાણાએ જણાવ્યું હતું કે, પેપરમાં થોડા પ્રશ્નો ટ્રીકી હતા, ખાસ કરીને ફિઝિક્સમાં ટાઈમ મેનેજમેન્ટ મહત્વનું રહ્યું હતું. ફિઝિક્સમાં પેપર મોડરેટ ટુ ડીફીકલ રહ્યું, ન્યૂમેરિકલ્સના પ્રશ્નો વધુ પૂછવામાં આવ્યા હતા. જે વિદ્યાર્થીઓના કોન્સેપ્ટ ક્લિયર હશે તેમને સોલ્વ કરવામાં ઘણી સરળતા રહી, ફિઝિક્સના પેપરમાં વિદ્યાર્થીઓને બે થી ત્રણ પ્રશ્નો ટ્રીકી લાગ્યા હતા. જે વિદ્યાર્થીઓની તૈયારી ઓછી હતી તેમને ફિઝિક્સનું પેપર અઘરું લાગ્યું હતું. કેમેસ્ટ્રી ના પેપરમાં વિદ્યાર્થીઓને પેપર ઈઝી ટુ મોડરેટ લાગ્યું, એનસીઈઆરટી આધારિત પ્રશ્નો વધુ પૂછવામાં આવ્યા હતા. ફિઝિકલ કેમેસ્ટ્રી, ઓર્ગેનિક કેમેસ્ટ્રી અને ઈન ઓર્ગેનિક કેમેસ્ટ્રીમાંથી પૂછવામાં આવ્યું હતું, પ્રશ્નો સીધા અને સરળ પૂછવામાં આવ્યા હતા. જેથી વિદ્યાર્થીઓને લખવામાં અને સમજવામાં સરળતા રહી, વધુ પડતા પ્રશ્નો નામકરણ વાળા પૂછવામાં આવ્યા હતા.

F અને D વિભાગના તત્વો માંથી પૂછવામાં આવ્યું હતું. જ્યારે, બાયોલોજીનું પેપર પણ ઈઝી ટુ મોડરેટ રહ્યું હતું. મોટાભાગના પ્રશ્નો એનસીઈઆરટી માંથી સીધા અને કોન્સેપ્ટ બેઝ પ્રશ્નો પૂછાતા વિદ્યાર્થીઓને લખવામાં આનંદ આવ્યો હતો. બોટની વિભાગમાં ડેફીનેશન અને થિયરી બેસ્ટ પ્રશ્નો પૂછાયા, ઝુલોજીમાં જીનેટીક પરથી પ્રશ્નો કોન્સેપ્ટ બેઝ MCQ પૂછવામાં આવ્યા હતા, તેથી વિદ્યાર્થીઓને લખવામાં સરળતા રહી હતી. જ્યારે, મેથ્સ ના પેપર માં Algebra અને કેલ્ક્યુલેશન પરથી વધુ પ્રશ્નો પૂછાયા વધુ ટાઈમ માંગી લે તેવા પ્રશ્નો પૂછવા આવતા બાળકોને વધારે સ્પીડની જરૂર પડી હતી.

### 'સિંગલ ગર્લ ચાઈલ્ડ' પ્રમાણપત્ર 17 એપ્રિલ સુધી મેળવી શકાશે

# RTE હેઠળ ધો.1માં પ્રવેશ માટે 'એક માત્ર દીકરી'નું પ્રમાણપત્ર સિવિક સેન્ટરો પરથી મળશે

(પ્રતિનિધિ) વડોદરા તા.29

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા શૈક્ષણિક સત્ર 2025-26 માટે રાઈટ ટુ એજ્યુકેશન (RTE) હેઠળ પ્રથમ ધોરણમાં પ્રવેશની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ અંતર્ગત નબળા અને વંચિત જૂથના બાળકોને ખાનગી શાળાઓમાં મફત પ્રવેશ આપવામાં આવે છે. આ વર્ષે પણ જે માતા-પિતાને સંતાનમાં માત્ર એક જ દીકરી હોય તેમને પ્રવેશમાં વિશેષ અગ્રતા આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ અગ્રતાનો લાભ લેવા માટે જરૂરી 'સિંગલ ગર્લ ચાઈલ્ડ' પ્રમાણપત્ર મેળવવાની કામગીરી આગામી 1લી એપ્રિલ 2026થી શરૂ થશે.

વડોદરા મહાનગરપાલિકાના સૂત્રોના જણાવ્યા અનુસાર, જે દીકરીઓનો જન્મ 1 જૂન 2018 થી 30 મે 2019 દરમિયાન થયેલ હોય, તેવા બાળકોના વાલીઓ આ પ્રમાણપત્ર માટે પાત્ર ગણાશે. વાલીઓએ નિયત નમૂનાનું ફોર્મ ભરીને તેની સાથે બાળકના જન્મનું પ્રમાણપત્ર, માતા-પિતાના આધાર કાર્ડ, કુટુંબનું રેશન કાર્ડ (જેમાં બાળકીનું નામ હોવું અનિવાર્ય છે) અને રહેઠાણનો પુરાવો રજૂ કરવાનો રહેશે. આ ઉપરાંત, નિયમ મુજબ રૂ. ૫૦ના સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝ્ડ સોગંદનામું પણ સામેલ કરવાનું રહેશે.

વડોદરાના પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ એમ ચારેય ઝોનના સિવિક સેન્ટરો અને મહાનગરપાલિકાની કચેરી ખાતે આગામી 17 એપ્રિલ 2026 સુધી કચેરીના સમય દરમિયાન એટલે કે સવારે 10:30 થી સાંજે 6:00 વાગ્યા સુધી આ પ્રમાણપત્રો આપવાની કામગીરી ચાલશે. વાલી ઓ એ છેલ્લી ઘડીની ભીડ ટાળવા અને સમયમર્યાદામાં પોતાના દસ્તાવેજોની પૂર્તતા કરી પ્રમાણપત્ર મેળ વી લેવા તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### વાલીઓ માટે ખાસ નોંધ: આટલું ચૂકશો નહીં!

RTE પ્રવેશમાં તમારી દીકરીને અગ્રતા અપાવવા માટે 'સિંગલ ગર્લ ચાઈલ્ડ' ફોર્મ મહાનગરપાલિકાની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાય છે. જો આપ વડોદરા શહેરના વતની હો અને અહીં જ રહેતા હો તો વર્તમાન રહેઠાણનો પુરાવો રજૂ કરવો ફરજિયાત છે. ખાસ યાદ રાખજો કે રૂ. ૫૦નું સોગંદનામું અને રેશન કાર્ડમાં દીકરીનું નામ હોવું એ પ્રમાણપત્ર મેળવવા માટેની મુખ્ય શરતો છે. વધુ વિગત માટે નજીકના સિવિક સેન્ટરનો સંપર્ક કરવો.

# સંભવિત ચૂંટણીઓના કારણે યુનિ. પરીક્ષા વિભાગ મૂંઝવણમાં

**ચૂંટણીની** તારીખ જાહેર થઈ તો અધ્યાપકો અને કર્મીઓને ચૂંટણીની ફરજ સોંપાઈ શકે છે

(પ્રતિનિધિ) વડોદરા,તા.29

વિશ્વવિખ્યાત વડોદરાની એમએસ યુનિવર્સિટીમાં આગામી એપ્રિલ અને મે મહિનામાં સેમેસ્ટર એન્ડ પરીક્ષાઓ લેવાશે અને આ જ સમયગાળામાં રાજ્યમાં તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી યોજાય તેવી પણ સંભાવનાઓ છે. જેને લઈને હવે યુનિવર્સિટીનો પરીક્ષા વિભાગ મુંઝવણમાં મુકાયો છે.

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ હવે પરિણામ ક્યારે જાહેર થશે તેની રાહ જોવાય રહી છે. જો કે તે પૂર્વે મ્યુનિસિપલ કોર્પોરેશનની સંભવિત ચૂંટણીઓના કારણે હવે પરિણામ અને યુનિવર્સિટી કોલેજોમાં આગામી પરીક્ષાઓને લઈને શિક્ષણ તંત્ર અને વિદ્યાર્થીઓ સહિત વાલીઓ પણ મૂંઝવણમાં મૂકાયા છે. યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીઓની એટીકેટીની પરીક્ષાઓની શરૂઆત તો થઈ ગઈ છે, હવે આગામી એપ્રિલના પહેલા સપ્તાહથી નિયમિત વિદ્યાર્થીઓની એન્ડ સેમેસ્ટર પરીક્ષાનો પ્રારંભ થશે અને મે મહિનાના બીજા સપ્તાહ સુધી આ પરીક્ષાઓ ચાલશે. બીજી તરફ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી પણ મે મહિનાના પહેલા કે બીજા સપ્તાહમાં યોજાય તેમ છે, જો આ સમયગાળામાં સંભવિત ચૂંટણીની તારીખો જાહેર થઈ તો યુનિવર્સિટીના અધ્યાપકો અને કર્મચારીઓને ચૂંટણીની ફરજ પણ સોંપાઈ શકે છે. આ સંજોગોમાં પરીક્ષા વિભાગને મે મહિનામાં લેવાનારી પરીક્ષાની તારીખોમાં ફેરફાર પણ કરવો પડી શકે છે. જોકે હજી સુધી ચૂંટણીની તારીખ જાહેર નહીં થઈ હોવાથી નવી તારીખો નક્કી કરવા અંગે પણ યુનિવર્સિટીનો પરીક્ષા વિભાગ મૂંઝવણમાં મુકાયો છે.

# રેલવેમાં નોકરી અપાવવાના બહાને 110થી વધુ લોકો સાથે રૂ.58.98 લાખની ઠગાઈ

**વિશ્વાસ** કેળવવા માટે કોંકણ રેલવેમાં નોકરી અપાવવાના બહાને બનાવટી ઓફર લેટર પણ પધરાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા. 29

વડોદરા શહેરના દંતેશ્વર વિસ્તારમાં રહેતા આરોપી સહિતની ગેંગ દ્વારા જીમ ટ્રેનર સહિત 110 લોકોને કોકણ તથા પ્રતાપનગર રેલવેમાં નોકરી અપાવવાનું કહીને તેમની પાસેથી રૂપિયા 58.98 લાખ પડાવી લેવામાં આવ્યા હતા. વિશ્વાસ કેળવવા માટે રેલવેની નોકરીના બોગસ ઓફર લેટર પણ ઠગોએ પધરાવ્યા હતા. જિમ ટ્રેનરે ફરિયાદ નોંધાવતા પોલીસે ઠગાઈનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા શહેરના ડભોઈ રોડ પર આવેલી વૈષ્ણવ કોટેશ્વર સોસાયટીમાં રહેતા સુનીલ ગમ્પુભાઈ કામડી જીમ ટ્રેનર તરીકે કામ કરે છે. તેઓએ નોંધાવેલી ફરિયાદ મુજબ આકાશ સંજય ચૌહાણ ( રહે. ચિરાયુનગર સોસાયટી, દંતેશ્વર વડોદરા) દ્વારા નવેમ્બર-ડિસેમ્બર 2025થી લોકોને કોંકણ રેલ્વે કોર્પોરેશન લિમિટેડમાં કોન્ટ્રાક્ટમાં કાયમી નોકરી અપાવવાની લાલચ આપવામાં આવી હતી. ત્યારબાદ પ્રતાપનગર સ્થિત ડીઆરએમ ઓફિસના વર્કશોપમાં નોકરી અપાવવાનો વિશ્વાસ અપાવી સુનીલ કામડી સહિત 110 લોકો પાસેથી ઓનલાઈન અને રોકડ મળી 58.98 લાખ રૂપિયાની રકમ પડાવી લેવામાં આવી હતી.

આકાશ ચૌહાણે વિશ્વાસ કેળવવા માટે કોંકણ રેલ્વેના નામે બનાવટી ઓફર લેટર પણ આપ્યા હતા. પરંતુ નોકરી અપાવી ન હતી. ઘણો સમય થઈ ગયો હોય પરંતુ નોકરી નહીં અપાવતા તેમને શંકા જતા આકાશ ચૌહાણ પાસે રૂપિયા પરત માગ્યા હતા. ત્યારે આરોપી રૂપિયા પરત આપતો ન હતો. આરોપી આકાશ ચૌહાણે પોતે વસૂલ કરેલી રકમ 'પવાર સાહેબ' નામના વ્યક્તિને ટ્રાન્સફર કરી હોવાનું જણાવ્યું છે. જેના આધારે શંકા છે કે આ સમગ્ર મામલામાં આકાશ ચૌહાણ તથા પવાર નામના વ્યક્તિ સહિત અન્ય ખાતાધારકો આ કૌભાંડમાં સંડોવાયેલા હોવાનું જણાય આવ્યું હતું. આમ આરોપી આકાશ ચૌહાણ પવાર સહિતની ગેંગે ભેગા મળીને લોકોને નોકરી અપાવવાની લાલચ આપી ખોટા ઓફર લેટર બનાવી તેને સાચા હોવાનું દર્શાવી સુનીલ કામડી અને તેમના સગા-સંબંધીઓ અને મિત્રો દિલીપભાઈ સુર્યવંશી, કિશોરભાઈ કામડી, મજૂરભાઈ પવાર, શુભમ કોકણી, દીપક પડગુજર, રોહિત રતિલાલ સહિત 110 લોકોને નોકરી અપાવવાનું કહીને રૂપિયા પડાવી લીધા હતા. પોલીસે આ મામલે આરોપી ચૌહાણ અને પવાર નામના વ્યક્તિ સહિત અન્ય લોકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કુરાલ ગામે સામાન્ય બોલાચાલીમાં બે ભાઈ પર જીવલેણ હુમલો

**પોલીસે** માત્ર 4 લોકો સામે ગુનો દાખલ કર્યો પણ એકની ધરપકડ નહીં કરી હોવાનો આક્ષેપ



(પ્રતિનિધિ) વડોદરા તારીખ 29

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના કુરાલ ગામમાં નાની બાબતે થયેલી અદાવતના પગલે વૃદ્ધા પરિવાર પર હુમલો થયો હોવાનો બનાવ સામે આવ્યો છે. મળતી માહિતી મુજબ, 24 માર્ચે ગામમાં વરઘોડા દરમિયાન ફટાકડા ફોડાતા અને પેપરશોટના કચરાથી દશરથભાઈ પરમારના ઘરમાં ગંદકી ફેલાઈ હતી. આ સમયે તેમની દાદી મણીબેને લોકોને કચરો દૂર રાખવા વિનંતી કરી હતી.

આ ઘટનાની અદાવત રાખીને 27 માર્ચે સાંજે કેટલાક લોકો નશાની હાલતમાં દશરથભાઈના ઘરે પહોંચી જૂના મુદ્દે બોલાચાલી શરૂ કરી હતી. વાત વધતા સાત જેટલા લોકોએ હુમલો કર્યો હતો. લાકડીઓ અને કડાથી કરવામાં આવેલા હુમલામાં દશરથભાઈને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી, જ્યારે વચ્ચે પડેલા સુનિલભાઈને પણ હોઠ પર ઈજા થઈ હતી.બનાવ બાદ ગામલોકો ભેગા થતા આરોપીઓ ધમકી આપી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્તોને 108 એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સ્થિતિ હાલ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવમાં સાત લોકો સંડોવાયેલા હોવા છતાં પોલીસે માત્ર ચાર આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે અને હજુ સુધી કોઈની ધરપકડ ન થતા પોલીસની કામગીરી પર સવાલો ઉઠ્યા છે.

### ખોટી પાર્ટીઓના નામે ખરીદી બતાવી હતી

# ફેક્ટરીમાં 14 કરોડથી વધુની ઉચાપત કરનાર ફરાર એકાઉન્ટન્ટ અરવલ્લીમાંથી ઝડપાયો

**વડોદરા** લાવ્યા બાદ ક્રાઈમ બ્રાન્ચે આરોપીને બાપોદ પોલીસને સોંપ્યો





(પ્રતિનિધિ) વડોદરા તા.29

આજવા રોડ ઉપર આવેલા સરદાર એસ્ટેટ ખાતે ફેક્ટરીમાં એકાઉન્ટન્ટ દ્વારા ખોટી પાર્ટીઓના નામે ખરીદી બતાવી 14 કરોડ વધુની ઉચાપત કરનાર ફરાર આરોપીને અરવલ્લીના ચોપડા ગામેથી ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. વડોદરા લાવ્યા બાદ આરોપીને આગળની કાર્યવાહી માટે પોલીસને સોપાયો છે.

વડોદરા શહેરના આજવા રોડ પર સરદાર એસ્ટેટ ખાતે ફેક્ટરીમાં રાકેશ પ્રભાતસિંહ પરમાર (રહે. માધવ રેસિકમ પ્લાઝા, ખોડીયારનગર, આજવા રોડ, વડોદરા) એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતો હતો. તેણે વર્ષ 2022 થી 2026 દરમિયાન ખોટી પાર્ટીઓના નામે ખરીદી બતાવી ખોટા રેકોર્ડ ઉભા કર્યા હતા અને તેના આધારે રૂપિયા 14.09 કરોડ પોતાના બેંક ખાતામાં ટ્રાન્સફર કરી ઉચાપત કરી હતી.

આ મામલે ગત 16 માર્ચના રોજ બાપોદ પોલીસ સ્ટેશનમાં ઠગાઇ ની ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

ક્રાઈમ બ્રાન્ચે ટેકનિકલ તથા હ્યુમન સોર્સના આધારે તપાસ કરતા આરોપી મોડાસા તાલુકાના ચોપડા ગામે છુપાયેલ હોવાની માહિતી મળી હતી. જેથી ક્રાઈમ બ્રાન્ચની તેમને મોડાસાના ચોપડા ગામે રવાના કરાઈ હતી. જેથી આ ટીમ દ્વારા ધ્યાન વોચ ગોઠવી આરોપી રાકેશ પરમારને ઝડપી પાડ્યો હતો. વડોદરા લાવ્યા બાદ ઠગ આરોપીને વધુ તપાસ માટે બાપોદ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. પોલીસે આ કેસમાં અન્ય સંડોવાયેલા લોકો અંગે પણ તપાસ શરૂ કરી છે.

### અજાણી મહિલા અને પોલીસ કર્મચારીઓ વચ્ચે ખેંચતાણના દ્રશ્યો સર્જાયા

# નાગરવાડામાં માનસિક બીમાર મહિલાનો હોબાળો

**પીસીઆર** વાન નીચે ઘુસી જતા સ્થાનિકો અને પોલીસની મદદથી મહિલાને સુરક્ષિત બહાર કઢાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.29

વડોદરા શહેરના નાગરવાડા વિસ્તારમાં શાકમાર્કેટ પાસે આવેલી મસ્જિદ નજીક અજાણી મહિલાએ હંગામા મચાવ્યો હતો. બનાવને પગલે પોલીસને જાણ કરતા કારેલીબાગ પોલીસ મથકની ટીમ ઘટના સ્થળે આવી પહોંચતા મહિલાએ પોલીસ વાન નીચે ગોસવાનો પ્રયાસ કર્યો હતો. જો કે સ્થાનિકો અને પોલીસની મદદથી આ મહિલાને સુરક્ષિત બહાર કાઢી વધુ પૂછપરછ માટે પોલીસ મથકે લઈ જવામાં આવી હતી.

વડોદરા શહેરના નાગરવાડા વિસ્તારમાં એક અજાણી મહિલાએ મોટો હંગામો મચાવ્યો હતો. મળતી માહિતી અનુસાર શાક માર્કેટ પાસે આવેલી મસ્જિદ નજીક અજાણી મહિલાએ સૌપ્રથમ બંગાળી ભાષામાં વાત કરી હતી. સ્થાનિકોના કહ્યા મુજબ તેણે બંગાળી ભાષામાં વાત કરી કુરાનની માંગ કરી હતી. બાદમાં તેણે રોકકળ મચાવતા વિસ્તારના લોકો મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા અને આ ઘટના અંગેની જાણ પોલીસ કંટ્રોલ રૂમમાં કરતા કારેલીબાગ પોલીસ મથકની ટીમ ઘટના સ્થળે આવી પહોંચી હતી. જોકે આ મહિલાએ પોલીસને જોઈ હોબાળો મચાવી પોલીસ વાન નીચે ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. જેના કારણે સ્થાનિકો અને પોલીસની મદદથી પોલીસ વાનને એક તરફથી ઊંચી કરી મહિલાને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવી હતી અને મહિલા પોલીસ કર્મચારીઓ દ્વારા તેને વધુ પૂછપરછ માટે પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવી હતી. જોકે આ દરમિયાન અજાણી મહિલા અને પોલીસ કર્મચારીઓ સાથે ખેંચતાણના દ્રશ્યો પણ સર્જાયા હતા. આ મહિલા ખરેખર બાંગ્લાદેશી હતી કે કેમ તે દિશામાં પોલીસે આગળની તપાસ હાથધરવામાં આવી છે.



### માનસિક બીમાર દર્દીઓના હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે

કારેલીબાગ પોલીસ મથકમાંથી મહિલા પોલીસ કર્મીઓ સાથેની ટીમ સ્થળ પર પહોંચી હતી. આ મહિલા માનસિક રીતે બીમાર હતી તેને તેના ઘરનું સરનામું પૂછ્યું હતું. પરંતુ જણાવતી ન હતી. મસ્જિદની અંદર મહિલા ગઈ નથી, માત્ર ગેટ પાસે બેઠી હતી. હાલમાં આ માનસિક રીતે બીમાર મહિલાને માનસિક રોગના દર્દીઓના દવાખાનામાં સારવાર માટે દાખલ કરાઈ છે. - **એન.એમ.ચૌધરી,** પીઆઇ, કારેલીબાગ

# પ. રેલવે વડોદરા-નાગડા સેક્શન પર સ્વદેશી કવચ સિસ્ટમ કાર્યરત કરશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.29

રેલ સલામતીને વધુ મજબૂત બનાવતા પશ્ચિમ રેલ્વેનો સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન વિભાગ સોમવારે 30 માર્ચના રોજ વડોદરા-નાગડા સેક્શન પર સ્વદેશી કવચ સિસ્ટમ કાર્યરત કરશે. આ કાર્ય નવીનતમ સંસ્કરણ 4.0 ધોરણો અનુસાર હાથ ધરવામાં આવ્યું છે, જે આ ઉચ્ચ-ઘનતાવાળા રૂટ પર નોંધપાત્ર તકનીકી અપગ્રેડ દર્શાવે છે.

કવચ સિસ્ટમ કુલ 224.51 રૂટ કિલોમીટર પર લાગુ કરવામાં આવશે, જેમાં વડોદરાથી મંગલ મહુરી 122.5 અને પંચપીપળીયાથી નાગડા 102.01 Rkm સેક્શનનો સમાવેશ થાય છે. પશ્ચિમ રેલ્વે કવચ સિસ્ટમનો સતત વિસ્તાર કરી રહી છે. 30 જાન્યુઆરી 2026ના રોજ 344 કિમી લાંબા વડોદરા-વિરાર સેક્શન પર કવચ 4.0 સફળતાપૂર્વક કાર્યરત થયું હતું.

### SOG અને જવાહર નગર પોલીસનું સંયુક્ત ઓપરેશન

# મહાલક્ષ્મી ગેસ એજન્સીનો ટેમ્પો ચાલક સિલિન્ડરમાંથી ગેસ ચોરતા રંગેહાથ ઝડપાયો

**ભરેલા** બોટલમાંથી ગેસ કાઢી ખાલી બોટલમાં રિફિલિંગ કરવાનું કૌભાંડ ખુલ્લું પડ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.29

શહેરમાં ગ્રાહકોના હક્ક પર તરાપ મારતા ગેસ ચોરીના કૌભાંડનો પોલીસે પર્દાફાશ કર્યો છે. વડોદરા શહેર SOG અને જવાહર નગર પોલીસે સંયુક્ત બાતમીના આધારે દરોડો પાડીને મહાલક્ષ્મી ગેસ એજન્સીના એક ટેમ્પો ચાલકને ગેસની ચોરી કરતા રંગેહાથ ઝડપી પાડ્યો છે. આરોપી ગ્રાહકોને ડિલિવરી આપવા જવાના બદલે અવાવરું જગ્યાએ ગેસનું ગેરકાયદે રિફિલિંગ કરતો હતો.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી ટેમ્પો ચાલક જિતેન્દ્ર બારિયા ગેસ એજન્સીમાંથી ભરેલા સિલિન્ડર લઈને ડિલિવરી માટે નીકળતો હતો. રસ્તામાં તે કોઈ નિર્જન કે અવાવરું સ્થળે ટેમ્પો ઉભો રાખી પાઈપની મદદથી ભરેલા બોટલમાંથી ગેસ કાઢીને ખાલી બોટલમાં ભરી લેતો હતો. આ રીતે ગ્રાહકોને મળતા સિલિન્ડરમાં નિર્ધારિત વજન કરતા ઓછો ગેસ મળતો હતો અને આરોપી ચોરી કરેલો ગેસ ગેરકાયદેસર રીતે વેચીને કમાણી કરતો હતો. SOG ને મળેલી સચોટ બાતમીને આધારે જવાહર નગર પોલીસ સાથે મળીને દરોડો પાડવામાં આવ્યો હતો. ઘટનાસ્થળેથી પોલીસને ચોરી કરેલા ગેસથી ભરેલા 3 LPG બોટલ અને રિફિલિંગ માટેના સાધનો મળી આવ્યા છે. પોલીસે આરોપી જિતેન્દ્ર બારિયાની ધરપકડ કરી તેની સામે આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે ગેસ એજન્સીના અન્ય કર્મચારીઓની સંડોવણી છે કે કેમ તે દિશામાં પણ પોલીસે તપાસ તેજ કરી છે. શહેરીજનોમાં પણ આ કિસ્સાને લઈ ભારે ચર્ચા જાગી છે કે ડિલિવરી સમયે બોટલનું વજન ચેક કરવું કેટલું અનિવાર્ય છે.

